MARINE NATIONAL PARK JAMNAGAR

# પરવાળાનાં પંથે

વર્ષ-૨, અંક-૨, સપ્ટેમ્બર - ડિસેમ્બર, ૨૦૧૨

**માર્ગદર્શન :**

**શ્રી આર. ડી. કમ્બોજ (ભા.વ.સે.),**

મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર.

**સંપાદન :**

**શ્રી એમ.એમ.ભાલોડી,**

નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર

**સંકલન :**

ચેતન સોજીત્રા, સોશ્યલ સાયન્ટિસ્ટ,મનેપા, જામનગર

સોનલ વર્ણાગર, સોશ્યલ સાયન્ટિસ્ટ,મનેપા, જામનગર

ડૉ.ચંદ્રેશ દવે, મરીન બાયોલોજીસ્ટ,મનેપા, જામનગર

**ટાઈપીંગ :**

હિરેન જોષી, ડેટા એન્ટ્રી ઓપરેટર, મનેપા, જામનગર

**સંપાદકની કલમે....**

પ્રિય મિત્રો,

પરવાળાના પંથે નો ચાલુ વર્ષનો બીજો અંક આપના હાથમાં મુકતા આનંદ અનુભવુ છું. સમુદ્રની જીવસૃષ્ટિ વૈવિધ્યપૂર્ણ અને વિસ્મયકારી સજીવોથી ભરપુર છે. દરિયાઈ અને દરિયા કિનારાના પર્યાવરણ તથા અસંખ્ય પ્રાકૃતિક જીવોની ભાગીદારીથી બનેલ જૈવિક પરિસરના સંરક્ષણ અને સંવર્ધન માટે આ પરિસરતંત્રને સર્વગ્રાહી રીતે અને અગત્યના જૈવ વૈવિધ્યના વિષયની જાણકારી તથા સમજુતી મેળવવી જરૂરી બની રહે છે. વાચક મિત્રોને આ માધ્યમથી દરિયાઈ જીવસૃષ્ટિ વિશેની જાણકારી વધશે તેવી આશા રાખું છું. સૌ વાચક મિત્રોને આ અંગે જો કોઈ આપના મૌલિક વિચારોના લેખો હોય તો અમોને મોકલી આપવા વિનંતી છે.

## ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન-અપ દિવસની ઉજવણી




ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન-અપ દિવસ સમગ્ર વિશ્વમાં પ્રતિ વર્ષ સપ્ટેમ્બર માસના ત્રીજા શનિવારે દરિયાકાંઠા વિસ્તારના પર્યાવરણની સ્વચ્છતા અંગે જાગૃતિ આવે સાથોસાથ સ્થાનિક લોકો, સરકારી સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ, શાળાનાં વિદ્યાર્થીઓ, ઔધોગીક એકમો અને અન્ય તમામ હિત ધરાવતી સંસ્થાઓ આ કાર્યમાં પોતાની ભાગીદારી થકી ઉમદા ઉત્સાહ દાખવે તે હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૨૭ માં ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન અપ દિવસની ઉજવણી મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા જામનગર જીલ્લાના પ્રત્યેક કાંઠાળ તાલુકા અને નગરપાલિકામાં તા.૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી. આ કાર્યક્રમ બાલાચડી, બેડી, સિક્કા, નરારા (વાડીનાર), સલાયા, ઓખામઢી અને મીઠાપુરના દરિયાકાંઠા વિસ્તારોમાં યોજવામાં આવ્યો હતો. જેમાં સરકારી સંસ્થા જેવી કે, ભારતીય નૌસેના, ભારતીય તટરક્ષક દળ અને વન વિભાગ, જાહેર ક્ષેત્રના એકમો જેવા કે, ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન, ભારત ઓમાન રીફાઈનરી લી. તથા ખાનગી ઔદ્યોગીક એકમો જેવા કે, એસ્સાર ઓઈલ, ટાટા કેમીકલ્સ, ડી.સી.સી. સીમેન્ટ,

ગ્લોબલ કોક પ્રા. લી., શાળાનાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ, ઈકો ડેવલોપમેન્ટ કમિટિના સભ્યો અને સ્થાનિક ગ્રામજનો એ જામનગરનાં મરીન નેશનલ પાર્કના કાંઠાને કચરા મુક્ત કરવામાં સિંહ ફાળો નોંધાવ્યો. આ કાર્યક્રમને શાળાના વિદ્યાર્થીઓ અને સશસ્ત્ર દળોના પરિવારજનોનો બહોળો પ્રતિસાદ સાંપડયો હતો. આ સમગ્ર કવાયત દરમ્યાન આશરે ૬૭૦ બોરી ભરીને ઘન કચરો એકઠો કરવામાં આવેલ. જેમાં મુખ્યત્વે પ્લાસ્ટીક અને નોન બાયો ડીગ્રેડેબલ ચીજોનું એકત્રીકરણ કરવામાં આવેલ અને તેનું યોગ્ય પધ્ધતિ દ્વારા આ ઘન કચરાનો નિકાલ કરવામાં આવેલ.






આ કાર્યક્રમ મરીન નેશનલ પાર્ક, જામનગરનાં વિવિધ રેન્જ હેઠળ જુદા જુદા દરિયાકાંઠા વિસ્તારમાં ઉજવણી કરવામાં આવેલ. જેમાં તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ સલાયા, સિક્કા, નરારા અને બેડી બંદર ખાતે ઉજવણી કરવામાં આવેલ તથા તા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૨ ના રોજ બાલાચડી, મીઠાપુર ખાતે ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન અપ દિવસ તેમજ વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવેલ. ઓઝોન દિવસ નિમીતે ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જ અંગે જાગૃતિ અને તેની નકારાત્મક અસરોનાં નિરાકરણનાં પ્રયાસરૂપે ૫૦૦ જેટલા વૃક્ષના રોપાઓનું વિતરણ કરવામાં આવેલ. જેમા ફળાઉ વૃક્ષોના રોપા પણ આપવામાં આવેલ.

આ સમગ્ર કવાયતમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના અધિકારીશ્રીઓ, ક્ષેત્રીય કર્મચારીશ્રીઓ અને ૧૦૦૦ થી વધુ સ્વયં સેવકો જોડાયા હતા.

## ફળાઉ રોપા વિતરણ કાર્યક્રમ




તા.૧૭/૦૯/૨૦૧૨ ના રોજ મોટા આમલા અને નાના આમલા ખાતે ઈકો ડેવલોપમેન્ટ કમિટિ અંતર્ગત ફળાઉ રોપાનું વિતરણ એકિસસ બેંક, જામનગરના સહયોગ થી તમામ ગ્રામજનોને ઘર દીઠ બે - બે રોપાનું વિતરણ કરવામાં આવેલ તથા એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૫૦ મોટા રોપા અને પાંજરા ગામના સુશોભન અને પર્યાવરણની જાળવણી માટે આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી, આર.ડી.કમ્બોજ, આઈ.એફ.એસ., નાયબ વન સંરક્ષકશ્રી, એમ.એમ.ભાલોડી, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી એચ.એન.પરમાર, એકિસસ બેંક જામનગરનાં પ્રતિનિધિ કુ. સુનીતા બુધ્ધ, એસ્સાર ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિશ્રી વિજયભાઈ પટેલ, મોટા આમલા ગ્રામ પંચાયતના સરપંચશ્રી હુશેનભાઈ, નાના આમલા ગ્રામ પંચાયતના સરપંચશ્રી નુરમામદભાઈ, ઈકો ડેવલોપમેન્ટ કમિટિ મોટા આમલાના પ્રમુખશ્રી આદમભાઈ, ઈકો ડેવલોપમેન્ટ કમિટિ, નાના આમલા પ્રમુખશ્રી હાજીભાઈ, સભ્ય સચિવશ્રી જે. એચ. ખાન, ફોરેસ્ટરશ્રી એ.એચ.ફુલશેઠા





સ્કુલના શિક્ષક સ્ટાફ તથા સમગ્ર ગ્રામજનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

ફળાઉ રોપા વિતરણમાં મોટા આમલા ગામમાં કુલ ૬૧ કલમી ચીકુ, ૧૧૦ લીંબુ, ૨૫ આંબા, ૨૫ નાળીયેરી અને ૫૦ જામફળીના રોપાનું વિતરણ એકિસસ બેંક ના સહયોગથી કરવામાં આવેલ. તેમજ નાના આમલા ગામમાં ૨૦૦ ચીકુ, ૧૫૦ લીબુ, ૨૫ આંબા, ૨૫ નાળીયેરી અને ૧૫૦ જામફળીનું વિતરણ એકિસસ બેંકના સહયોગથી કરવામાં આવેલ.

આ કાર્યક્રમની સાથોસાથ એસ્સાર ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી મોટા આમલા ગામના મુખ્ય રસ્તા અને મસ્જિદના સુશોભન અને પર્યાવરણની જાળવણી માટે ૫૦ મોટા રોપાઓનું વાવેતર પીંજરા સાથે કરવામાં આવેલ. જેમાં સમગ્ર ગ્રામજનોએ હાજરી આપી હતી અને તેની જાળવણી પોતે ગ્રામજનો જ કરશે તેવી ખાતરી આપી હતી.

## જામનગરના કચ્છના અખાતમાં કાસ્પીયન ટર્નની માળા વસાહત

ગુજરાતમાં કાસ્પીયન ટર્ન યાયાવર પક્ષી તરીકે જાણીતું છે. સામાન્ય રીતે શિયાળા દરમ્યાન દરિયાકાંઠે અને ખાસ કરીને સૌરાષ્ટ્ર કચ્છનાં વિસ્તારમાં એક યા બે જોડીમાં જોવા મળે છે. શિયાળાની સીઝન પુરી થતા ફરીથી તે પોતાના વતન પરત જાય છે અને ત્યાં સંવર્ધન કરતા, સામાન્ય સંજોગોમાં કાસ્પીયન ટર્ન ની આ પ્રસ્થાપિત જીવનશૈલી હતી. પરંતુ વર્ષ ૨૦૦૩માં આનાથી અલગ જોવા મળેલ. કાસ્પીયન ટર્ન જામનગર જીલ્લામાં દરિયાકાંઠે ફકત શિયાળામાં જોવા મળતા, પરંતુ તે ઉનાળામાં પણ રોકાણ કરવાનું જોવા મળેલ અને તેમની અલગ વસાહત પણ ત્યાં જ કરવા લાગેલ. આ જાતના વિશિષ્ટ વર્તનની વિગત અહીયા આપવામાં આવેલ છે.

આ કાસ્પીયન ટર્ન અંદાજે ઈ.સ. ૧૯૮૮ની સાલથી આ વિસ્તારમાં માળા બાંધવા માટે આવે છે. લાલ (કેસરી) ચાંચ, રાખોડી સફેદ રંગ, માથે કાળી ટોપી, કાળા પગ, ૪૭ થી ૫૭ સે.મી.નું રૂપાળુ પક્ષી અંદાજે અહીં મે મહીનાથી ૨૦ થી ૨૫ જુલાઈનાં સમયગાળા વચ્ચે પોતાની વસાહત કરી માળા બનાવવા માટે આવે છે. વસાહત તૈયાર કરવા થોડી માટી આમ તેમ કરી રકાબીથી થોડા ઉંડા આકારનો માળો તૈયાર કરે છે. એક માદા અંદાજે બે થી ત્રણ ઈંડા મુકે છે. ઈંડા આકારમાં મરઘીના ઈંડા કરતા મોટા હોય છે અને આછા રાખોડી રંગના કાળા ટપકા વાળા હોય છે અને દુરથી ધ્યાન ન આવે તેવા જમીન સાથે મળી જાય તેવા હોય છે. ઈંડાને માદા દ્વારા જ અઠવાડીયા સુધી સેવવામાં આવે છે. ત્યારે તેમાંથી બચ્ચા પેદા થાય છે.

આ કાસ્પીયન ટર્નની એક અલભ્ય વાસહત એટલે દ્વારકા તાલુકાના ટાટા કેમીકલ્સ લી. ના ચરકલા સોલ્ટ વિસ્તાર, આ સોલ્ટ વિસ્તારમાં આ માઉન્ટ સિવાય ટાટા કેમીકલ્સ લી. દ્વારા નવો માઉન્ટ બનાવવામાં આવેલ છે. જેના પર કાસ્પીયન ટર્ન દ્વારા પણ ૧૨ માળા બનાવવામાં આવેલ હતા. જેની નોંધ આ માઉન્ટનાં કાર્યકરણી ટાટા કેમીકલ્સ લી. દ્વારા કરવામાં આવે છે. જે તેમના પ્રતિનિધિશ્રી સતિષ ત્રિવેદી સંભાળે છે આ કાસ્પીયન ટર્નની વસાહત વિશે મહત્વની બાબત એ છે કે આ દરિયાઈ કાસ્પીયન ટર્ન વિશ્વભરમાં મળી આવે છે જયારે ભારતમાં તેમનું

બ્રીડીગ માત્ર ગુજરાતનાં અમુક વિસ્તારોમાં જ નોંધાયેલ છે. જે ગુજરાત માટે મહત્વની વાત છે.

ઉપરોકત વિસ્તારની મુલાકાત તા.૦૧/૦૭/૨૦૧૨ ના રોજ મરીન નેશનલ પાર્ક, જામનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી, આર. ડી.કમ્બોજ, ભા.વ.સે.એ લીધી હતી. જેની સાથે રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, એન.એન.જોશી, વન રક્ષકશ્રી કે.આર. ચુડાસમા તથા ચરકલા ગામનાં જાગૃત નાગરીક શ્રી ગોગનભાઈ ને સાથે રાખી ટાટા કેમીકલ્સ લી.ના ચરકલા સોલ્ટ વર્કસની મુલાકાત લીધી હતી, ત્યારે આ વિસ્તારમાં વિહરતા વિવિધ પક્ષીઓ જેવા કે, ફલેમીંગો, કાજીયા, કાસ્પીયન ટર્ન , નાની દરિયાઈ વા બગલી, પીળી ચાંચ ઢોક, બગલાની વિવિધ જાતો વગેરેની નોંધ કરવામાં આવી. જેમાં રસપદ જેવી બાબત એ છે કે, દ્વારકાથી લીમડી તરફ જતા જમણી બાજુ એર પંપ તરફના રસ્તે સોલ્ટ વિસ્તારની વચ્ચે આવેલ માઉન્ટના ભાગે તમામ સ્ટાફ રસ્તા પરથી ઉતરી પાણીમાં ચાલી માઉન્ટ વિસ્તાર તરફ કાસ્પીયન ટર્ન નામનાં માળાની વસાહત જોવા મળેલ. વધુ પ્રમાણમાં દરિયાઈ ક્ષેત્રિય કાસ્પીયન ટર્ન દ્વારા પણ ઈંડાઓ મુકવામાં આવેલ જોવા મળેલ. સ્ટાફ દ્વારા ગણતરી કરવામાં આવતા અંદાજે ૨૪૭ માળા, ૫૩૪ ઈંડા, ૧૦૮ બચ્ચાઓ જોવા મળેલ અને કાસ્પીયન ટર્ન પણ અંદાજે ૭૬૪ જેવી હતી. જેની નોંધ કરવામાં આવેલ.

## વન્યપ્રાણી સપ્તાહ - ૨૦૧૨




દર વર્ષની જેમ મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા તા.૦૨/૧૦/૧૧ થી તા.૦૮/૧૦/૧૨ દરમ્યાન વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ વન્યપ્રાણી સપ્તાહ દ્વારા દરિયાઈ રાષ્ટ્રીય ઉધાનની આજુ બાજુના વિસ્તારની શાળા, કોલેજો અને ઈકો ડેવલોપમેન્ટ કમિટિ દ્વારા વિવિધ વન્યપ્રાણી અંગેના કાર્યક્રમ રાખવામાં આવે છે. જેમા શાળા / કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે જુદા જુદા વિષયે પર નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, પ્રશ્નોતરી સાથે સાથે પોસ્ટર પ્રદર્શન જેવા અનેક વિવિધ કાર્યક્રમો દ્વારા વન્યપ્રાણી પ્રત્યે જાગૃત કરવામાં આવે છે. આ કાર્યક્રમ મરીન નેશનલ પાર્ક,જામનગર રેન્જના બેડી, નવાનગર, ખીજડીયા અને અલીયાબાડા ગામમાં પ્રશ્નોતરી, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા તથા પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરેલ હતું. ચેર રેન્જ,જામનગર દ્વારા અલીયાબાડાની જવાહર નવોદય વિધાલયમાં ચિત્ર સ્પર્ધા, પ્રશ્નોતરી આયોજન કરેલ હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષકશ્રી આર.ડી.કમ્બોજ, આઈ.એફ.એસ. તથા નાયબ વન સંરક્ષકશ્રી એમ.એમ.ભાલોડી તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી એચ.એન.કંટારીયાએ હાજરી આપેલ અને વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરેલ હતું.

જોડીયા રેન્જના આમરણ ગામની હાઈસ્કુલમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતુ તથા વિદ્યાર્થીઓને દરિયાઈ જીવસૃષ્ટિ તથા પરવાળા વિશે રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી બી.વી. કાલરીયા દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

ખંભાળીયા રેન્જના સલાયા અને મોટા આમલા ગામની શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓને પર્યાવરણ તથા તેની જાળવણી વિશે રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી એચ.એન. પરમાર દ્વારા માહિતી આપવામાં આવી હતી. તેમજ ભાટીયા રેન્જના મોટા આસોટા, ભાટીયા અને કેનેડી ગામની હાઈસ્કુલમાં પ્રશ્નોતરી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. શાળાઓમાં વિદ્યાર્થીઓને પેમ્પલેટ, બ્રોસર તથા સ્ટીકરનું વિતરણ કરીને વિદ્યાર્થીઓને મરીન જીવસૃષ્ટિ તથા પર્યાવરણની જાળવણી વિશે માહિતગાર કર્યા હતા.

સિકકા રેન્જના વાડીનાર ગામની નવયુગ વિધાલયમાં નિબંધ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં



વિદ્યાર્થીઓને દરિયાઈ જીવસૃષ્ટિ તથા પરવાળાનુ મહત્વ અને વન્યજીવસૃષ્ટિનું માનવ જીવનમાં શું મહત્વ છે. તેની માહિતી રેન્જ ફોરેસ્ટ ઓફીસર, શ્રી આર.જી.કનેરીયા દ્વારા આપવામાં આવેલ હતી.

વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી નિમીતે દ્વારકા રેંજની માવધપુર, ઓખા અને હમુસરની હાઈસ્કુલમાં ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રદર્શન, ચિત્ર સ્પર્ધા અને પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવેલ હતા.

આમ, વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓ તથા લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા.

## સમુદ્રી જીવ : સી હોર્સ



જગતની જીવસૃષ્ટિની રચના કરવામાં કુદરત પણ કમાલ કરી નાખતા હોય છે, જે કોઈ મોટા ચમત્કારથી કમ નથી. દરિયાઈ ઘોડો જીવસૃષ્ટિના અભ્યાસ માટે અજાયબ અને કૂતુહલ જગાડનાર



જીવ રહ્યો છે. આ જીવમાં જમીન પરના ઘોડા જેવો કોઈ આકાર નથી પરંતુ આ જીવ સમુદ્રની વનસ્પતિ આસપાસ તરતો હોય છે ત્યારે તેનું મોં જરાતરા ઘોડાના મોં જેવું લાગે છે. જેથી આને ‘‘દરિયાઈ ઘોડો’’ નામ અપાયું છે.

જગતમાં દરિયાઈ ઘોડાની લગભગ ૨૫ જેટલી વિવિધ જાતો આવેલી છે. તેના રંગો અને આકાર ઘણા મનોરમ્ય હોય છે. આપણા કચ્છના અખાતમાં (ગલ્ફ ઓફ કચ્છ) દ્વારકા - ઓખા પાસેના પોશીત્રા, માનમરોડી, નેશ, અજાડ, ભૈધર, લકુશા જેવા વિસ્તારોમાં સી હોર્સ જોવા મળે છે.

સી હોર્સની ખાસી કોઈ લંબાઈ નથી હોતી તેના મુખથી પુંછડી સુધીની લંબાઈ ૩ ઈંચ થી ૮ ઈંચની જોવા મળે છે. આ જીવ મત્સયવંશ સાથે નાતો ધરાવે છે. સાવ સાદી ભાષામાં કહીએ તો આ એક પ્રકારનું માછલું છે. માછલા વર્ગમાં આ જીવ સૌથી ધીમી ગતિએ તરનારું છે. આ તેની ખુબી અને અજાયબી ગણી લો. આ જીવમાં નરબંકો (નર) બચ્ચાંને જન્મ આપે છે. તેની માંદા આ પળોજણમાં પડતી નથી. નર માંદાની કોથળીમાં રહેલાં બધા ઈંડા પોતાની થેલીમાં લઈ તેને સેવે છે. પછી સમય આવ્યે બચ્ચા પેદા કરે છે. ત્યારે પ્રસુતિની અસહય પીડા પણ તે ભોગવે છે. પુરા ૨૦૦ થી વધુ બચ્ચાંનો જન્મ આપી તે સુવાવડનો સંતાપ ભોગવે છે, એટલું જ નહીં પણ બચ્ચાં મોટા થાય ત્યા સુધી બચ્ચાંની પુરી દેખભાળ પણ એ જ રાખે છે.

દરિયાઈ ઘોડાનું રહેઠાણ દરિયાઈ અલ્ગી વચ્ચે જ હોય છે અને આમેય તેની શરીર રચના વનસ્પતિ વેલા જેવી હોય છે. જેથી અન્ય શિકારી જીવોને આનો જલ્દી ખ્યાલ આવતો ન હોવાથી તે

અન્ય જીવોથી બચી જાય છે. બીજું કે સી હોર્સ ૨૦૦ થી ૩૫૦ થી વધુ બચ્ચાંનો જન્મ આપે છે. આમ છતાં જગતના જીવ શાસ્ત્રીઓ આની પાખી થતી જાતોને બચાવવા ખુબ ચિંતિત છે. તેમના જણાવ્યા મુજબ આ જીવની સંખ્યા ઘણી ઘટી રહી છે. તો કેટલીક જગ્યાએ તેમનું અસ્તિત્વ જ ભયમાં મુકાયું છે, આનું કારણ કયાંય શોધવા જવાની જરૂર નથી. આજની ઔધોગિક ક્રાંતિની દોટ વચ્ચે જળ, જમીન અને આકાશના પર્યાવરણને માઠી અસરો પહોંચી છે. તેમાંયે મચ્છીમારીનો ઉધોગ ઘણો વિકસ્યો છે. તેમની લાંબી મજબુત ઝાળોમાં આ જીવો પણ ઘણીવાર ફસાઈને બે મોત મરે છે. કેટલાંક માછીમારો જાણતા અજાણતા સમુદ્રી ખોરાક ચક્રની કડીઓ તોડી નાખે છે. એનો તેને ખ્યાલ હોતો નથી.

આ જે શિકાગો શહેરમાં સમુદ્રી ઘોડાના વિકાસ અને રક્ષણ માટે હોર્સ ઓસેનેરીયમ સ્થાપવામાં આવ્યુ છે. જેના સારાં પરિણામો પણ સામે આવી રહયાં છે. ત્યારે ચાલો આપણે પણ કુદરતના આ જીવોના અસ્તિત્વને બચાવવા આપણે આપણું અમુલ્ય યોગદાન આપીએ.

## દ્વારકા : ઓખામઢી ખાતે કાચબા ઉછેર કેન્દ્રની શરૂઆત



ભારતમાં લાંબામાં લાંબો દરિયા કિનારો ધરાવતું ગુજરાત રાજય જૈવિક વિવિધતાથી ભરપુર છે. તેમાં દરિયાઈ જીવસૃષ્ટિમાં આગવું સ્થાન ધરાવતું પ્રાણી એટલે દરિયાઈ કાચબા. ગુજરાત રાજયમાં દરિયાઈ જીવસૃષ્ટિ માટે ખાસ દરિયાઈ રાષ્ટ્રીય ઉધાન જાહેર કરી સંરક્ષણ પુરુ પાડવામાં આવે છે, પરંતુ દરિયાઈ કાચબા બિન રક્ષિત દરિયાકાંઠે પણ માળા કરી ઈંડા મુકે છે. ગુજરાતીઓ શાકાહારી અને સ્વભાવે પ્રાણીપ્રેમી જીવદયા દર્શાવતા હોવાથી આ દરિયાઈ કાચબા સુરક્ષિત છે. તેમ છતાં કુદરતી પરિબળો જેવા કે, માસભક્ષી પક્ષીઓ અને શિયાળ, બિલાડી, નોળિયા સાપ તેમજ અન્ય પ્રાણીઓ કાચબાનાં માળાને નુકશાન પહોંચાડતા હોય છે. વધુમાં અરબી સમદ્રનાં દરિયાકાઠાંના અમુક વિસ્તારોમાં કાચબાનાં ઈંડાઓને મનુષ્યો દ્વારા ખોરાક માટે તફડાવવાની પ્રવૃતિ પણ જોવા મળે છે. આ પ્રકારે ગેરકાયદેસર થતી ઈંડાઓની ચોરીએ કાચબાઓ પર વિપરીત અસર ઉભી કરે છે. આવા ગેરકાયદેસર ઈંડાઓની ચોરી સામે ઈંડાઓનું રક્ષણ થાય તે હેતુથી વૈજ્ઞાનિક અભિગમ સાથે આવા વિસ્તારોમાંથી ઈંડાઓને એકત્રીત કરી તેમને ઉછેરકેન્દ્રમાં લાવીને ઉછેરવામાં આવે છે. આમ, કાચબાની હેચરી પ્રોગ્રામ દ્વારા તેના બચ્ચાની જીવંત ટકાવારી વધારી શકાય છે તેવું મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા હાલ માવધપુર (ઘેડ) ખાતેની હેચરી દ્વારા અનુભવાયેલ છે. આમ, દરિયાઈ કાચબાના સંરક્ષણ અને સંવર્ધન માટે વ્યવસ્થિત લાંબાગાળાનું આયોજન કરી હેચરી દ્વારા દરિયાઈ કાચબાની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય તે માટે મરીન નેશનલ પાર્ક ના મુખ્ય વન સંરક્ષકશ્રી આર. ડી.કમ્બોજના માર્ગદર્શન હેઠળ દ્વારકાના બિન રક્ષિત વિસ્તાર ઓખા મઢી ખાતે હેચરી શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યુ. ત્યારે આ કાર્યને આગળ વધારતા નાયબ વન સંરક્ષકશ્રી એમ. એમ.ભાલોડી, રેન્જ ફોરેસ્ટર ઓફીસરશ્રી પી.ટી.સીયાણી દ્વારા આ કાર્યની સ્થળ મુલાકાત અને સ્ટાફને યોગ્ય માર્ગદર્શન દ્વારા આ કાર્યને હાલ ખુબ સફળતા મળેલ છે. જેમાં હાલ કાયમી હેચરી બનાવવાનું આયોજન કરવામાં આવેલ તેના માટે જમીન મેળવવા કલેકટરશ્રી, જામનગરમાં ૧ હેકટર જમીન માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. આ હેચરીનાં શરૂઆતના તબકકામાં હાલ ૫૦ થી વધુ માળા હેચરી હેઠળ સુરક્ષિત કરવામાં આવેલ છે.

## દરિયાઈ કાચબાનું જીવનચક્ર

પ્રજનન અને ખોરાક માટે પુખ્ત બચ્ચાઓ ખુલ્લા સમુદ્રમાં હજારો કિલોમીટર ફરતા હોય છે. પ્રજનન અને સંવનન માટે કાચબા સામાન્યતઃ છીછરો દરિયાકાંઠો પસંદ કરે છે. છીછરા દરિયામાં પહોચ્યા બાદ નર અને માદા વચ્ચે સંવનની ક્રિયા થાય છે. જેમાં નર કાચબો માદાને પોતાના પગ (ફલીપર્સ) વડે જકડી રાખે છે. ઈંડાનું ફલન માદા કાચબાના ગર્ભમાં થાય છે. કાચબાઓમાં સંવનન માટે 'પોલીગેમી' જોવા મળે છે. એટલે કે દરેક નર અને





માદા બીજા અનેક માદા અને નર સાથે સંવનન કરે છે. સંવનનના પંદરથી વીસ દિવસ બાદ દરિયાકાંઠે મહતમ ભરતી (સૌથી મોટી ભરતી) થી પણ ઉપરના એવા રેતાળ કાંઠાને પસંદ કરી ત્યાં ઈંડા મુકે છે. ઈંડા મુકવાની ઘટના સામાન્ય રીતે રાત્રિ દરમ્યાન થાય છે. રેતાળકાંઠા પર માદા બે થી ત્રણ ફુટ જેટલો ઉંડો ખાડો કરી સીતેર થી બસ્સો ઈંડા એક જ વખતમાં મુકે છે, ઈંડા મુકાયા બાદ પોતાના પગ વડે રેતીથી ખાડાને ઢાંકી દે છે. પ્રજનનઋતુ દરમ્યાન ઘણી માદાઓ આ પ્રકારે પંદર—વીસ દિવસના અંતરે એક થી વધારે વાર પણ ઈંડા મુકે છે.

ઈંડામાંથી બચ્ચા બહાર આવતાં આશરે ૪૦ થી ૬૦ દિવસનો સમય લાગે છે. ઈંડામાંથી બહાર આવતાની સાથે જ દરિયા તરફ દોટ મુકે છે, આ ઘટના રાત્રે બને છે. ઈંડામાંથી નીકળનાર બચ્ચું નર હશે કે માદા તેનો આધાર ઈંડાના સેવનકાળ વખતના તાપમાન પર હોય છે. જો તાપમાન વધારે હોય તો માદા બચ્ચાની સંખ્યા વધારે થાય અને જો તાપમના ઓછું હોય તો નર બચ્ચાની સંખ્યા વધારે થાય. દરિયામાં પહોંચ્યા બાદ થોડા દિવસો બચ્ચાં દરિયાઈ લીલ / ઘાસ (સી વીડ/સી ગ્રાસ) વાળા પ્રદેશમાં આશરો લે છે જેના કારણે તેમને ખોરાક પણ મળે છે અને દુશ્મનોથી રક્ષણ પણ મળે છે. આ કાચબા પુખ્ત બનતાં દરિયાના વિવિધ વિસ્તારોમાં પોતાના અનુકૂળ વિસ્તારો શોધીને રહે છે. માદા બચ્ચું પુખ્ત થઈ સંવનન કર્યા બાદ ઈંડા મુકવા પોતાના જન્મસ્થળ તરફ જ જાય છે.

દરિયાઈ કાચબાઓમાં એક ખાસ લક્ષણ જોવા મળે છે, જેને તાપમાન આધારિત લિંગ-નિશ્ચયનની ઘટના કહે છે. ઈંડામાંથી બચ્ચું બહાર નીકળવાને સમયે જો માળામાં તાપમાનના ૨૮° થી ૩૨° સે. વચ્ચે હોય તો ઈંડામાંથી બહાર આવતા બચ્ચાઓમાં નર અને માદાનું પ્રમાણ સમાન (૧:૧) જોવા મળે છે. આ તાપમાનને આદર્શ કહે છે.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાને રાખી હેચરી દ્વારા નીચે મુજબની પ્રવૃતિ કરવામાં આવે છે.

(૧) કાચબાના માળાને યોગ્ય રક્ષણ આપવામાં આવે છે.

(૨) દરિયાઈ કાચબાને સંરક્ષણ પુરુ પાડવામાં આવે.

(૩) દરિયાઈ કાચબાની જીવન શૈલી વિશે પ્રકાશ પાડી લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કરવામાં આવે છે.

(૪) કાચબાનાં માળાને યોગ્ય પધ્ધતિ દ્વારા હેચરીમાં સ્થળાંતર કરી સુરક્ષાનું કવચ પુરુ પાડી સંવર્ધન કરવામાં આવે છે.

(૫) સ્થાનિક સ્ટાફ અને સ્થાનિક લોકોને યોગ્ય તાલીમ આપી, આ કાર્યમાં જોડવામાં આવે છે.

(૬) દરિયાઈ કાચબાને નુકશાન કરતા પરિબળો જેવા કે, શિકાર, રેતીની ઉઠાતરી, કૃત્રિમ બિન જરૂરી વાવેતર વગેરે ભય સ્થાનોની યોગ્ય જાળવણી રાખવામાં આવે છે.

(૭) સ્થાનિક સરકારી - અર્ધ સરકારી સંસ્થાને આવા કાર્યમાં જોડવામાં આવે છે.

(૮) આવા વિસ્તારો સ્વચ્છ રાખી યોગ્ય નિવસનતંત્ર પુરુ પાડવામાં આવે છે.

## મરીન નેશનલ પાર્ક દ્વારા "રિસર્ચ કંપાઈલેશન" પુસ્તક સ્વરૂપે પ્રકાશિત




મરીન નેશનલ પાર્ક ની સ્થાપના ૧૯૮૦ના દસકાની શરૂઆતમાં કચ્છના અખાતના દક્ષિણ કિનારે વિસ્તરેલા પરવાળા અને તેને સંલગ્ન દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અને સંવર્ધન માટે કરવામાં આવી હતી. પરંતુ જૈવવૈવિધતાની દ્રષ્ટિએ અમુલ્ય એવો આ વિસ્તાર અભ્યાસુઓ અને પ્રકૃતિવિદો ને બહુ જ પહેલાથી આકર્ષી રહયો છે. ઉપલબ્ધ દસ્તાવેજોનો અભ્યાસ કરતાં એ જાણવા મળ્યુ કે, આ વિસ્તારની જૈવવૈવિધતા અને નિવસન તંત્રોનો અભ્યાસનો ઈતિહાસ એક સદી કરતા પણ વધુ સમયને આવરી લે છે. અહીના જૈવવૈવિધ્યનો પ્રથમ વૈજ્ઞાનિક અભ્યાસ શ્રી જેમ્સ હોર્નલ દ્વારા ઈ.સ. ૧૯૦૯ માં હાથ કરવામાં આવેલ. ત્યાર બાદના વર્ષમાં અનેક અભ્યાસુઓએ આ વિસ્તારના ગુહય પાસાઓનો અભ્યાસ કરી આ વિસ્તાર અંગેની જાણકારી સુદ્રઢ બનાવવામાં અનેરુ પ્રદાન આપેલ છે.

આવી જ વિવિધ વૈજ્ઞાનિક જાણકારી જે વિવિધ માધ્યમોમાં પ્રકાશિત અને પ્રસારીત થઈ ચુકી છે. તેનું સંકલન કરી જ્ઞાનની આ ધરોહરને એક જ જગ્યાએ સુલભ બનાવવા શ્રી આર.ડી. કમ્બોજ,મુખ્ય વન સંરક્ષક, મરીન નેશનલ પાર્કના માર્ગદર્શન હેઠળ "સાયન્ટીફીક ઈનસાઈટ ઈન ટુ ઈકો સિસ્ટમ્સ ઓફ મરીન નેશનલ પાર્ક એન્ડ સેન્ચ્યુરી - અ રિસર્ચ કંપાઈલેશન" શિર્ષક સાથે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવી છે. આ પુસ્તક ૧૯૦૯ થી ૨૦૧૨ સુધીમાં પ્રકાશિત થયેલા ૧૪૭ જેટલા અભ્યાસોના સારને આવરી લે છે. માહિતી સંકલન બાબતે ડૉ. ચંદ્રેશ એસ. દવે, મરીન બાયોલોજીસ્ટ, આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ એ નોંધપાત્ર યોગદાન આપેલ છે.

## આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ કાર્યરત ઈકો ડેવલોપમેન્ટ કમિટિનાં અભિપ્રાય

વિશ્વ બેંક પુરષ્કૃત "સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ" નું અમલીકરણ મરીન નેશનલ પાર્ક, જામનગરનાં રક્ષિત તેમજ રેવન્યુ વિસ્તારના ગામોમાં ઈકો ડેવલોપમેન્ટ કમિટિઓ થકી થઈ રહેલ છે. આ યોજનાનો મૂળભુત ઉદેશ વિપુલ દરિયાઈ જીવસૃષ્ટિ, ચેર, પરવાળા તથા જૈવવૈવિધ્યતા વિશે લોકાને માહિતગાર કરી આ નેસર્ગિક ધરોહરનો લોક ભાગીદારી થકી લાંબા ગાળે સંરક્ષણ અને સંવર્ધન સુનિશ્ચિંત કરવાનો છે. સાથો સાથ દરિયાઈ કાંઠે વસેલા ગામોમાં સામાજીક અને આર્થિક વિકાસના કામો એન્ટ્રી પોઈન્ટની કામગીરી થકી હાથ ધરવામાં આવે છે. સ્થાનિક લોકોને આ કાર્યક્રમમાં સહભાગી બનાવી જરૂરીયાતમંદ કુટુંબોને આજીવિકા માટે જરૂરી સ્ત્રોત ઉભા કરી તેની વર્તમાન આજીવિકામાં સુધારો આવે તેવા પ્રયત્નો થઈ રહયા છે.

આ યોજના દરિયાકાંઠા પર વસતા લક્ષિત જુથો જેવા કે, માછીમાર, પશુપાલકો, અગરીયા, ખેડુતો, નાના લઘુઉદ્યોગોના કામદારો, મજુરો વગેરે વ્યવસાય સાથે જોડાયેલા સમુદાયને આ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. આ યોજનાના અમલીકરણ માટે ગ્રામ્ય સ્તરે ઈકો ડેવલોપમેન્ટ કમિટિની રચના કરી સહભાગી ગ્રામીણ ચકાસણીના માધ્યમથી ગામલોકોને સહભાગી બનાવી ગામના મૂળભુત પ્રશ્નોને સમજી ગામની સ્થાપનાથી લઈ આજદિન સુધી ગામની સામાજીક, આર્થીક અને ભૌતિક પરિસ્થિતિને લગતી તમામ માહિતી ગામલોકોને એક મંચ પર લાવીને મેળવવામાં આવે છે. આવી પ્રક્રિયા દ્વારા

ગામના જુદા જુદા પ્રશ્નો અને જરૂરીયાતને અગ્રતાક્રમ આપી એન્ટ્રી પોઈન્ટની કામગીરી હાથ ધરવામાં આવે છે. આવી કામગીરી હાલ મરીન નેશનલ પાર્ક, જામનગર હેઠળ ૩૦ ગામોમાં કરવામાં આવેલ છે અને બાકીના ૨૪ ગામોમાં પ્રક્રિયા ચાલુ છે. આ થઈ રહેલ ઈકો ડેવલોપમેન્ટની કામગીરીના ગ્રામ્ય સ્તરની સમિતિની સફળ ગાથાના અભિપ્રાયો નીચે મુજબ છે.

**ખારા બેરાજાઃ**



ઈડીસી પ્રમુખ, ખારા બેરાજા

ગામમાં ઈકો ડેવલોપમેન્ટ કમિટિની સ્થાપના કરવામાં આવેલ છે અને તેના દ્વારા ગામમાં ઘરદીઠ શૌચાલયની કામગીરી હાથ ધરાયેલ. હાલ ગામમાં ઘરે ઘરે શૌચાલય છે, જેના દ્વારા ગામમાં સ્વચ્છતા આવી અને ગ્રામજનોના સ્વાસ્થ્ય ખુબ જ સારા રહે છે. આવા કાર્યો દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવી તથા ગામમાં એકતાની ભાવના વધુ મજબુત બની અને મરીન નેશનલ પાર્કના સ્ટાફ સાથે વિશ્વાસનો સેતુ મજબુત બન્યો. આવા કામોથી દરિયાઈ વિસ્તારમાં જતો કચરો પણ બંધ થયેલ જેથી દરિયાઈ જીવસૃષ્ટિને સીધો લાભ થયેલ છે.

**- શ્રી કરશનભાઈ જે. મકવાણા**

**મોટા આસોટાઃ**



ઈડીસી પ્રમુખ, મોટા આસોટા

ઈકો ડેવલોપમેન્ટ કમિટિ દ્વારા કરવામાં આવેલ સામાજીક અને આર્થિક વિકાસના કામો ખુબ ઉપયોગી સાબિત થયા. દરિયાકાંઠે લગભગ ૪૦૦ વિઘા જેટલી ગામની ફળદ્રુપ જમીન રસ્તાના અભાવને કારણે પડતર પડી હતી. પ્રોજેક્ટ અંતર્ગત બનાવવામાં આવેલ રસ્તાને લીધે હાલમાં આ જમીન ખેતીલાયક બની જે સાથે આ રસ્તાના કામ કરી લોકોને રોજગારીમાં અને સમિતિ દ્વારા લોકભાગીદારીથી કરવામાં આવેલ ચેર વાવેતર દ્વારા હાલ ગામલોકોને ગામમાં રોજગારી મળી રહેલ છે. આ ચેરની રક્ષણાત્મક દિવાલથી ગામને સુનામી તથા ખારા પવનોથી રક્ષણ મળશે, આમ ગામમાં થયેલ કાર્ય માટે હું ગામ વતી મરીન નેશનલ પાર્કનો આભાર માનું છું.

**- શ્રી નુંઘાભાઈ સદુભાઈ ચાવડ**

**અજાડ ટાપુઃ**



ઈડીસી પ્રમુખ, અજાડ ટાપુ

વિશ્વ બેંક સહાયીત "સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન કાર્યક્રમ" અંતર્ગત મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા આજે અજાડ ટાપુ પર લોક ભાગીદારી દ્વારા કરવામાં આવેલ કામગીરીમાં સોલાર લાઈટ નાખવામાં આવેલ. જેના લીધે ટાપુ પર અજવાળા પથરાયા. આ સુમસાન ટાપુ પર આજે પૂર્ણીમાનો ચંદ્ર ખીલ્યો છે અને ગ્રામજનો અને વન વિભાગ વચ્ચે વિશ્વાસનો સેતુ ઉભો થયો છે.

**- શ્રી ઈસાભાઈ મુસાભાઈ સંઘાર**

**ખીજડીયાઃ**



ઈડીસી પ્રમુખ, ખીજડીયા

આજના ઝડપી યુગમાં પર્યાવરણ અને જૈવ વૈવિધ્યતાના સંરક્ષણ માટે ગામનાં લોકો આવા કાર્યક્રમમાં જોડાય અને પર્યાવરણને પ્રતિકૂળ હોય તેવા સાધનોના ઉપયોગ ઓછો કરે તેવા પ્રયત્નો ગામની ઈકો ડેવલોપમેન્ટ કમિટિ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. મરીન નેશનલ પાર્ક દ્વારા વિના મુલ્યે આપવામાં આવેલ સુર્ય કુકર અને ગોબર ગેસ ના ઉપયોગ દ્વારા આજે ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિ તરફ સકારાત્મક પગલુ ભરેલ છે.

**- શ્રી યોગેશભાઈ રામાણી**

**નાના આમલાઃ**



ઈડીસી પ્રમુખ, નાના આમલા

નાના આમલા ગામમાં મુખ્યત્વે મુસ્લિમ જ્ઞાતિનાં લોકો વસવાટ કરે છે. જેનો મુખ્ય વ્યવસાય માછીમારી અને ખેતી છે. ગામમાં આજે ઈકો ડેવલોપમેન્ટ કમિટિ દ્વારા માછીમાર માટે રસ્તો અને ખારા પાણીનાં પ્રવાહની તીવ્રતા ઓછી કરવા સંરક્ષણ દિવાલના કામો થકી આજે માછીમાર ભાઈઓને રોજગારી અને માછીમારી ઉત્પાદન વ્યવસ્થા સરળ બની છે. જેથી ગ્રામજનો વતી હું મરીન નેશનલ પાર્કનો આભાર માનું છું.

**- શ્રી સંઘાર હાજીભાઈ ઈશાભાઈ**

**કાલાવડ સીમાણીઃ**



ઈડીસી પ્રમુખ, કાલાવડ સીમાણી

સંસ્થા કોઈપણ હોય, સંસ્થાને પોતે કરેલા કાર્યોનું ગૌરવ હોય જ, પરંતુ વધારે મહત્વની વાત એ છે કે, લોકોને સંસ્થાનું કાર્ય કેવું લાગ્યું ? લોકોને જે તે સંસ્થા કેટલી પોતીકી લાગે છે ? તે વિશેષ મહત્વની બાબત છે. લોકો તરફથી તેમને મળેલા પ્રતિસાદ એ જ મહત્વની વાત છે આવો જ કંઈક સારો પ્રતિભાવ હું સરકારી સંસ્થા મરીન નેશનલ પાર્ક, જામનગર વિશે આપવા માગુ છુ. અમારા ગામની પસંદગી આઈ. સી.ઝેડ.એમ. પ્રોજેકટ અંતર્ગત કર્યા પછી સમિતિ બની. ત્યાં સુધી તો એવું લાગતું ન હતુ કે, સરકારી જંગલખાતા દ્વારા ગામને કાંઈક લાભ થાય તેવું કાર્ય થશે. પરંતુ ગામમાં ગ્રામિણ સહભાગી ચકાસણી થઈ ગામની પાણીની સમસ્યાને ધ્યાને લેવાઈ અને મારા ગામમાં આજે મરીન નેશનલ પાર્ક દ્વારા ચાલતા આઈ. સી.ઝેડ.એમ. પ્રાજેકેટ અંતર્ગત ઈકો ડેવલોપમેન્ટ કમિટિ દ્વારા પાણીના સાત સ્ટેન્ડ પોસ્ટ બનાવવામાં આવ્યા જયાંથી બહેનો પાણી ભરી શકે. એક કુવો બનાવવામાં આવ્યો તથા એક નવું તળાવ બન્યું. જેને લીધે ગામમાં પાણીની સમસ્યાનું નિવારણ થયું. જયારે ગામના પશુઓમાં રોગચાળો આવ્યો ત્યારે વિના મુલ્યે પશુનિદાન અને સારવાર શિબિરનું આયોજન, સોલાર કુકરનું વિતરણ, ફળાઉ કલમી રોપાનું વિતરણ વગેરે જેવા પર્યાવરણ લક્ષી કાર્યો કરી મરીન નેશનલ પાર્કે ગામમાં પોતાની અલગ છાપ ઉભી કરી છે અને ગામ વતી હું આજે મરીન નેશનલ પાર્કના અધિકારીશ્રીઓ તથા સ્ટાફનો આભાર માનું છું.

**- શ્રી ભાવસંગભા ભીખુભા જાડેજા**

**મોટા આમલાઃ**



ઈડીસી સરપંચ, મોટા આમલા

એક વાકય છે, માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે તેના કરતા તેનું કાર્ય જ બોલી ઉઠે એમાં જ સિધ્ધિના દર્શન થાય છે. આઝાદીના ઈતિહાસ પછી અમારા ગામમાં ગામની અસ્મિતાને ચાર ચાંદ લાગે તેવું કાર્ય મરીન નેશનલ પાક, જામનગર ધ્વારા કરવામાં આવ્યું. મોટા આમલા ગામની સ્થાપના પછી ગામમાં એકપણ શૌચાલય ન હતા. જેના લીધે ગંદકીનું પ્રમાણ વધતું અને તેની અસર લોકોના સ્વાસ્થ્ય પર પડતી હતી. ગામમાં લોકોની નકારાત્મક માનસિકતા તથા નબળી આર્થિક પરિસ્થિતિને લીધે ઘરે શૌચાલય ન હતું જેથી ઘરની સ્ત્રીઓ, વૃધ્ધો તથા બાળકોને ખુબ તકલીફ થતી હતી. અમારા ગામમાં મોટા ભાગના લોકોના ઘરમાં ટી.વી., ટેપ, ફ્રીજ જેવી ભૌતિક સુવિધા હતી પરંતુ આટલી તકલીફ હોવા છતા શૌચાલય બનાવી શકયા ન હતા. મરીન નેશનલ પાર્ક દ્વારા અમારા ગામની પસંદગી આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકેટ અંતર્ગત કરવામાં આવી. જેમાં એક સમિતિ બનાવવામાં આવી. ગામમાં સહભાગી ગ્રામીણ ચકાસણી કરવામાં આવી. જેમાં ગામની વિવિધ સમયસ્યાઓ વિશે પુછવામાં આવતા

ગામમાંથી વિવિધ સમયસ્યાઓની સાથે શૌચાલયની જે સગવડતા ન હતી. તેના તરફ ઘણા લોકોનું ધ્યાન ગયુ અને માંગણી કરવામાં આવી જે મંજુર થઈ ગઈ. આજે અમારા ગામમાં ઘરદીઠ શૌચાલય છે. સાથે ગામમાં ફળાઉ કલ્મી રોપાનું વિતરણ થયું અને મરીન સ્ટાફની મહેતન રંગ લાવી એવું કહીશું અને મરીન નેશનલ પાર્કના અધિકારીઓનો આભાર માનીએ છીએ. **- શ્રી હુશેનભાઈ કાટીયા**

**પરોડીયાઃ**



ઈડીસી પ્રમુખ, પરોડીયા

આજથી બે વર્ષ પહેલા અમારા ગામમાં લોકો કુવા-ડંકી તેમજ ખેતરેથી પીવાનું તેમજ વપરાશનું પાણી મેળવતા હતા. મરીન નેશનલ પાર્ક, જામનગર દ્વારા આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેક્ટ અંતર્ગત આજે ગામમાં પાણીના ટાંકા / સ્ટેન્ડ પોસ્ટ અને તળાવ રીનોવેશનની કામગીરી દ્વારા આજે ગામમાં ફળીયાવાર પાણી મળતું થયું છે. જેના દ્વારા લોકોને પીવાના તથા વપરાશના પાણીની મુશ્કેલી દુર થઈ છે. જે ઈકો ડેવલોપમેન્ટ કમિટિની સક્રિય ભાગીદારી અને મરીન નેશનલ પાર્ક, જામનગરના અધિકારીશ્રીઓ અને સ્ટાફને આભારી છે. **- શ્રી ભીખાભાઈ ડોસલભાઈ ભાચકન**

**ઢીચડાઃ**



ઈડીસી પ્રમુખ, ઢીંચડા

ઈકો ડેવલોપમેન્ટ કમિટિનાં ઉત્સાહી યુવાન પ્રમુખશ્રી કહે છે કે, “સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન” કાર્યક્રમ દ્વારા ગામના સામાજીક અને આર્થિક વિકાસના કાર્યો કરવામાં આવે છે. જેમાં એન્ટ્રી પોઈન્ટની કામગીરીમાં લોકભાગીદારી થકી ઘરદીઠ શૌચાલયની કામગીરી દ્વારા આજે અમારા ગામમાં ગરીબ અને જરૂરીયાતમંદ લાભાર્થીને શૌચાલયની ફાળવણી કરતાં આજે ગામમાં સ્વચ્છતાનું વાતાવરણ ઉભુ થયુ છે. જે માટે અમારી સમિતિ અને મરીન નેશનલ પાર્કના સ્ટાફની સક્રિય ભાગીદારી દ્વારા આજે ગામની મુશ્કેલી દુર થઈ છે. **- શ્રી નરેન્દ્રભાઈ રણછોડભાઈ કણજારીયા**

**વિરપુર લુસારીઃ**



ઈડીસી પ્રમુખ, વિરપુર લુસારી

“સંકલિત દરીયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન” કાર્યક્રમ અંતર્ગત અમારા ગામમાં ઈકો ડેવલોપમેન્ટ કમિટિની રચના કરવામાં આવેલ. જેમાં ગામમાં સામાજીક અને આર્થિક વિકાસને લગતી પ્રવૃતિઓ કરવા માટે ગામમાં સહભાગી ગ્રામીણ ચકાસણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જે ખ્યાલ અમારા માટે કંઈક નવો જ હતો. જેમાં ગામની મુશ્કેલીઓ ગ્રામજનો દ્વારા જણાવવામાં આવેલ. આ પ્રક્રિયા બાદ ઈકો ડેવલોપમેન્ટ કમિટિ દ્વારા જુદી જુદી મીટીંગો દ્વારા એન્ટ્રી પોઈન્ટની કામગીરી નકકી કરવામાં આવેલ. જેમાં પાણીની સમસ્યા ખુબ હોય, તે ધ્યાને લઈ ગામના મુખ્ય તળાવમાં રીનોવેશન અને કાઢીયાની કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવેલ. જે મરીન નેશનલ પાર્ક દ્વારા મંજુર કરી કમિટિ દ્વારા તે કામગીરી પુર્ણ કરવામાં આવેલ. આજે ગામ લોકાએ આ કામગીરીને બિરદાવી છે. **- શ્રી કાંબરીયા કિશોરભાઈ પાલાભાઈ**

## चेर का महत्व

मुजसे तो चेर वृक्ष है अच्छा,
जो सबको कुछ तो है देता।
मछली को छाया देता, प्रजनन हेतु आश्रय देता,
मछली का उत्पादन बढाकर,
मच्छुआरो को रोजी देता।
जानवरो को घासचारा,
लोगों को ईंधन है देता।
इनके कारण सुनामी रुकती,
जिसके द्वारा रक्षण है देता।
वर्षा ही करवाकर
हमको पीने को पानी है देता।
खारे पवनो को रोक कर,
खेतों की फलदृपता है बढाता।
समुद्र की आपत्ति को रोक कर,
समुद्र तट पर रहेनेवालो को रक्षा है देता।
देखो ये अनमोल है इतना,
बिना स्वार्थ ही, सबको है कुछ न कुछ देता।


આપના સુચનો તથા અભિપ્રાય માટે સંપર્ક કરો

**મુખ્ય વન સંરક્ષક**

દરિયાઈ રાષ્ટ્રિય ઉદ્યાન, નાગનાથ ગેટ પાસે, વન સંકુલ, જામનગર.

ફોન : (૦૨૮૮) ૨૬૭૯૩૫૭, ફેક્સ : (૦૨૮૮) ૨૭૭૦૧૬૧


प्रति,

PQC, www.pqcindia.com